


# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ સાધુ પરમ પૂજ્ય અશ્વિનદાદા

ઉપાસના ધામ, ખારઘર-નવી મુંબઈ પાટોત્સવ પર્વ ઉપક્રમે યોજાયેલ 'જ્ઞાનભક્તિ પારાયણ'માં ઉપાસનાનાં ભજનોનું નિરૂપણ, ૨૯ એપ્રિલ ૨૦૨૨

*(ગતાંકથી ચાલુ...)*

**'આંખલડીના હે રતન...'** એ ભજનના સ્થાયી પદ અને મુખડાનો આપણે ગઈ કાલે સ્વાધ્યાય કર્યો. આજે આગળની સ્વાધ્યાયયાત્રા શરૂ કરતાં પહેલાં કીર્તનના શબ્દો ઉપર, એના ભાવ ઉપર, એના અર્થ ઉપર ધ્યાન આપીને આપણે કીર્તનભક્તિ અદા કરીએ: આંખલડીના હે રતન, મારા રુદિયાની ધડકન, ઘણું જીવો મારા સાહેબજી, લો જીવન અર્પણ મન. 'લો જીવન અર્પણ મન...' આપણે સામેથી, રાજીખુશીથી મન અર્પણ કરીએ છીએ. આખા જીવનપર્યંત મન અર્પણ કરવું મુશ્કેલ છે, પણ અત્યારે આ સ્વાધ્યાય ચાલી રહ્યો છે ત્યારે તેટલી ઘડી સુધી તો અમારું મન અમે અમારી પાસેથી લઈને શ્રી ઠાકોરજીના ચરણોમાં મૂકવાનો રૂડો સંકલ્પ કરીએ છીએ.

'સરતી સરકતી, પલ-પલ ખળ-ખળ, વહેતું જીવન આ ચાલ્યું...' મંદિરનો ૧૫મો પાટોત્સવ છે. પંદર વર્ષનાં વહાણાં વહી ગયાં. જે વહી ગયું તે પાછું લાવી શકાતું નથી, રિવર્સ કરી શકાતું નથી. સમયની વાત કરીએ, સમયની સાથે જિવાતા જીવનની વાત કરીએ અને આપણા શરીરમાં થઈ રહેલા ફેરફાર અને આપણી અવસ્થાનો વિચાર કરીએ તો બધું જ બદલાતું જાય છે. એટલે સનાતન સિદ્ધાંત એ છે કે, આ સમગ્ર સૃષ્ટિ પરિવર્તનશીલ છે, કશું જ કાયમ રહેતું નથી. પૃથ્વી પોતાની ધરી ઉપર ફરે છે. ફરતી ફરતી પાછી સૂર્યની આસપાસ પણ ફરે છે. અને એમ સૅકન્ડ, મિનિટ, કલાક, વર્ષ અને યુગો વીતતાં જાય છે અને સૃષ્ટિ ઉપર સતત પરિવર્તન થતું રહે છે. આપણી નિસબતની વાત એ છે કે, પંદર વર્ષની શ્રી ઠાકોરજી સાથેના અનુસંધાનની યાત્રામાં મારામાં કેટલું પરિવર્તન આવ્યું ? એ સ્વાધ્યાય કરવા, એનો મંગલ ઉત્સવ ઊજવવા માટે આપણે ભેગા થયા છીએ. સૌ સાથે મળીને પોતાના એવા સુખદ અનુભવની વાત કરે કે, 'મારામાં આ પરિવર્તન આવ્યું' તો એ સાચા અર્થમાં શ્રી ઠાકોરજીનો આપણે સ્વીકાર કર્યો કહેવાય, સાક્ષાત્કાર કર્યો કહેવાય.

'સરતી સરકતી' 'સરતી' એટલે સરી જાય, લપસી જાય, છૂટી જાય, ચુકાઈ જાય એવી જીવનની-સમયની પળ-પળ. 'સરકતી' એટલે એમ કહે છે, કે જ્યારે આવી તક તમારા જીવનમાં આવે ત્યારે તમે એને ઝડપી લો, પકડી લો, જીવી લો, જાણી લો, માણી લો; તો એ ક્ષણનો તમને આનંદ આવે. એ ક્ષણ ગઈ પછી માત્ર ને માત્ર પસ્તાવો કરવાનો રહે છે. ક્ષણ સ્થગિત નથી એના માટે સુંદર શબ્દ વાપર્યો છે - 'સરકતી'. આપણી આર્ય સંસ્કૃતિ, ભારતીય સંસ્કાર જીવન પદ્ધતિ, કુટુંબ-કબીલાઓએ સૌથી પહેલો સામૂહિક નિવાસ નદી કિનારે કરવાનો શરૂ કર્યો એવું માનવ સંસ્કૃતિનો ઈતિહાસ કહે છે. જળ છે તો જીવન છે અને જીવનને નદીના વહેતા પ્રવાહ - જળ સાથે સરખાવવામાં આવ્યું છે. નદી ઊભી રહેતી નથી. કદાચ ધીરી પડે, વિજ્ઞાન અને ટૅક્નોલૉજી પાળ બાંધીને તેને રોકે, પણ એનો મૂળભૂત સ્વભાવ પોતાના અંતિમ લક્ષ્ય-મહાસાગરને મળીને, એની સાથે એકરૂપ થઈ જવાની દિશામાં વહેતા રહેવાનો છે. આપણી ઉપાસનાનો પણ આ સિદ્ધાંત છે. ગંગા નદીમાં મળતા નદીના એક પ્રવાહનું નામ અલકનંદા છે. એ નાચતી, કૂદતી, કલકલ અવાજ કરતી વહે છે. એને જીવન જીવવાનો એટલે કે વહેતા રહેવાનો ખૂબ ઉમંગ ને ઉત્સાહ છે. વહેતા રહેવાનું એટલે ખાડા-ટેકરા, મંદગતિ-ઝડપી ગતિથી સતત વહેતા રહેવાનું !

હૃદયનો કાર્ડિયોગ્રામ જ્યારે દોરાય ત્યારે ઊંચા-નીચા થતા લીટા જોઈને ડૉક્ટરો નિદાન કરે છે. એ લીટા ઊંચા-નીચા થાય છે એ જ જીવન છે અને એ જ નિશાની છે કે, હૃદય ધબકે છે અને શરીરમાં લોહીનું ભ્રમણ ચાલુ રહે છે. પણ, જો એ લીટા સીધી લીટીમાં આવી જાય તો ઠપ્પ થઈ ગયા. આપણે પણ એવું ઇચ્છીએ છીએ કે, અમારું જીવન સીધી લીટીમાં ચાલવું જોઈએ. બધી બાબતની સાનુકૂળતા, સગવડ મળે અને આપણે ઇચ્છીએ એ પ્રમાણે જ બધું ચાલે. પણ, એને જીવન ના કહેવાય. આપણું હૃદય, આપણા હૃદયનો ધબકાર અને વિજ્ઞાન આપણને સમજાવે છે કે, તે ધબકતું રહે ત્યારે જ તો જીવન છે. એ જેવું સીધી લીટીમાં આવી ગયું એવું જીવન પૂરું થઈ ગયું.

'ખળ-ખળ, વહેતું જીવન આ ચાલ્યું...' 'ખળ-ખળ વહે' એટલે એ ઉપર-નીચે વહેતું હોય છે. તમે ૯:૩૫ની ટ્રેઈન પકડવા માટે દોડતાં દોડતાં પ્લૅટફૉર્મ પર જાવ, પણ ત્યાં તમારી નજર સામે જ જો ટ્રેઈન ઊપડી જાય તો આપણે પ્લૅટફોર્મ પર રહી ગયા અને ટ્રેઈન આગળ નીકળી ગઈ. એક પછી એક સ્ટૅશન છૂટતાં જાય છે અને આગળના સ્ટૅશન તરફ ટ્રેઈન વધતી જાય છે. જો ટ્રેઈન ક્યાંક ઊભી રહી જાય તો બધા તપાસ કરે કે, 'કેમ ઊભી રહી ? કેમ ચાલતી નથી ?' એટલે ચાલતું રહે એ જીવન છે. 'ચલના જીવન કી કહાની, રુકના મોત કી નિશાની...' જો જીવન છે તો ચાલતું રહે છે, અને અટકી ગયું ને ઊભા રહી ગયા તો મોતની નિશાની - અંત આવી ગયો ! સુજ્ઞજન એ છે કે જે હાજર વર્તમાનકાળની પળને ઝડપી લે. હાજર વર્તમાનકાળ એટલે આ ક્ષણે, આ પળે જે છે તેને ઝડપી લેવું, ને જે ગયું તે ગયું. અને જેણે આ ઝડપી લીધું એના માટેની એ પછીની જે પળ છે તે તેનું ભવિષ્ય છે, જેમાં નિર્માણ છે.

'જાગીને જોયું...' તો અત્યાર સુધી શું ઊંઘતા હતા ? 'અવજાનન્તિ માં મૂઢા માનુષીં તનુમાશ્રિતમ્...' તથા 'યા નિશા સર્વભૂતાનાં તસ્યાં જાગર્તિ સંયમી...' 'જગતના જીવો જે જીવવા માટે જાગી રહ્યા છે, ત્યાં સંયમી પુરુષો ઊંઘી ગયા છે અને સંયમી પુરુષો જે જીવન જીવવા માટે જાગી ગયા છે, તેને માટે જગતના જીવો ઊંઘી ગયા છે.' આવો સંસ્કૃતનો શ્લોક છે. સ્વામી વિવેકાનંદે કહ્યું, 'હે યુવાનો જાગો ! અને જ્યાં સુધી લક્ષ્યપ્રાપ્તિ થાય નહીં ત્યાં સુધી જંપીને બેસો નહીં.' સતત પ્રયત્નશીલ એટલે કે, સતત જીવતા રહો, ચાલતા રહો, દોડતા રહો, લક્ષ્ય તરફ સતત ગતિ કરતા રહો. ખાલી ચાલીએ તેવું નહીં, લક્ષ્ય તરફ ચાલીએ. તેને માત્ર ગતિ નહીં, પ્રગતિ કહેવામાં આવે છે. ગમે તે દિશામાં ચાલવું તેને ગતિ કહેવાય-ગમન કહેવાય, પણ લક્ષ્ય પ્રતિની ગતિને-ગમનને પ્રગતિ કહેવાય. ચાલ્યા - કઈ બાજુ ચાલ્યા ? પ્રગતિની દિશામાં ચાલ્યા ? મારામાં શો ફેરફાર થયો ? તે મેં મારા અંતરમાં તપાસ્યું અને મેં મારા મનને પૂછ્યું કે, આજે જે સમય પસાર થયો એ દરમિયાન કયું સત્કર્મ કર્યું કે જે વાવીએ તો ઊગી નીકળે !?

'જાગીને જોયું, પૂછ્યું મનવા, જીવતરમાં શું વાવ્યું ?' મેં મારા મનવાને-મનને-મારી જાતને પૂછ્યું કે, આ સમય વહી ગયો, જેને આપણે જીવન કહીએ છીએ, એમાં તેં શું વાવ્યું ? 'વાવ્યું' બહુ સુંદર શબ્દ છે. વાવવા માટે પહેલાં ખેતર ખેડવું પડે, એમ ને એમ વવાય નહીં. ખેતરમાં ચાસ પાડવા પડે, પછી એમાં બીજ વાવવાનાં. એ બીજ સારી રીતે ઊગે એટલે એને ખાતર, પાણી આપવાનાં ને એનું રખોપું કરવાનું ત્યારે મબલખ પાક પાકે છે. વળી, બીજ તો જે રોપ્યું હોય એ ઊગે, પણ બીજાં ફાલતું બીજ પડ્યાં હોય તે પણ સાથે ઊગે, જેને આપણે ઘાસ કહીએ છીએ. એને પાછું નીંદવું પડે, નહીંતર જે ખાતર નાખ્યું હોય, જે પાણી પાયું હોય, એ પહેલું પેલું (ઘાસ) ખાઈ જાય, પછી આપણાં વાવેલાં બીજને મળે.

આપણે વાવવાનો અર્થ સમજીએ તો આપણા દ્વારા થયેલાં શુભ કર્મો, સત્કર્મોનાં બી આપણે વાવ્યાં છે, જે ઊગી નીકળવાનાં છે. અને એનાં રૂડાં ફળ આપણને અને આપણી પાછળ આવેલાં સંતાનોને પણ પ્રાપ્ત થવાનાં છે. જે વાવ્યું હોય તે ઊગે અને જે ઊગે એ આપણે લણવાનું રહે - એટલે કે આપણને મળવાનું રહે. આંબા વાવ્યા હોય તો ફળ સ્વરૂપે કેરી પાકે અને લીમડા વાવ્યા હોય તો ફળ સ્વરૂપે લીંબોળી પાકે. આપણે જો લીમડો વાવ્યો હોય અને કેરીની સિઝનમાં લીમડે જઈને કેરી શોધીએ તો આપણને મળે નહીં. એમ, જીવતરમાં શું વાવ્યું છે એ બહુ અગત્યનું છે.

આ વાત જે જાગ્યો છે તેની છે. જાગે છે કોણ ? એના માટે બહુ સુંદર કીર્તનની એક કડી છે : 'તારો દિવ્ય અનલકણ અડકાડી મારી ચૈતન્ય જ્યોત જલાવી તેં...' દીવો તો હતો, પણ તારો દિવ્ય અનલકણ - ચૈતન્ય જ્યોત તેં એ દીવાને અડકાડી તો મારો દીપ પ્રગટી ગયો. જેને કહીએ કે, ભગવાનના એવા બ્રહ્મસ્વરૂપ ગુણાતીત સંતને વિશે જ્યારે અસાધારણ આત્મબુદ્ધિ ને પ્રીતિ થાય છે ત્યારે એમની કૃપા અને અનુગ્રહથી પ્રકાશ થાય છે. આ જીવને અત્યાર સુધી કોડિયું, ઘી, દિવેટ બધું જ હતું, પણ પ્રકાશ નહોતો. મનુષ્ય શરીરનું આ ખોળિયું તો છે, બુદ્ધિ, અક્કલ, આવડત, હોશિયારી છે, અરે, બધું ખબર છે અને બધું જાણીએ છીએ ; પણ પ્રગટ સત્પુરુષની સાથે જ્યાં સુધી આત્મબુદ્ધિ ને

પ્રીતિ થઈ નથી અને જ્યાં સુધી તેઓ જીવમાં બેઠા નથી ત્યાં સુધી એ કોડિયું છે. જ્યારે એ પ્રગટે છે ત્યારે એનું એ જ કોડિયું દીવા તરીકે ઓળખાય છે. એ પ્રગટ્યું, એમાં પ્રકાશ થયો એટલે તે દીવો બન્યો, પ્રકાશ નહોતો થયો ત્યાં સુધી કોડિયું હતું. જરા ગંભીરતાથી વિચારજો, જાગીને વિચારજો. પાત્ર છે, અંદર જેના આધારે એ સળગે છે એ ઘી છે, એમાં રૂની દિવેટ છે છતાં પણ એમાંથી અજવાળું કેમ નથી આવતું ? અજવાળું ત્યારે આવે છે જ્યારે એ ઘીની વાટને અગ્નિનો સંબંધ આપવામાં આવે છે, ત્યારે તે પ્રગટે છે ને દીવો બને છે અને એ પ્રકાશને પાથરે છે.

આ જીવને જગાડવાની વાત છે. શરીર અને શરીરની સાથેની જે કંઈ સંપત્તિ છે, પાંચેય ઈન્દ્રિયો અને સંપૂર્ણ સભાનતા સહિતનું આપણું શરીર છે. આપણે વિચાર કરીએ કે, જેમની પાસે એકાદ અંગ નથી, કાં તો ઈન્દ્રિયની સભાનતા નથી; તેમની સરખામણીમાં આપણું જીવન કેટલું બધું સમૃદ્ધ અને સંપન્ન છે ! તોય અજવાળું કરનારા તારો દિવ્ય અનલકણ અડકાડી મારી ચૈતન્ય જ્યોત જલાવી તેં... એ દિવાસળી નથી, એના માટે બહુ સુંદર શબ્દ 'અનલકણ' વપરાયો છે અને પાછો 'દિવ્ય અનલકણ !' જે પોતે પ્રભુમાં રહે છે અને પ્રભુ સાથે આપણને જોડવાનું એમનું જીવનકાર્ય દેહના માધ્યમ દ્વારા તેઓ કરી રહ્યા છે. એવા પ્રગટ સત્પુરુષ સાથે જ્યારે મેળાપ થાય છે, સંબંધ થાય છે, પોતાપણાનો ભાવ થાય છે-જેને આપણે સત્સંગની ભાષામાં આત્મબુદ્ધિ ને પ્રીતિ કહીએ છીએ, એ જ્યારે થાય છે ત્યારે આ જીવમાં પ્રકાશ થાય છે. જીવ તો કીટ-પતંગિયાં, પશુ-પક્ષી, માણસમાં દરેકમાં છે અને દરેકની પોતાની જીવનયાત્રા છે ને આયુષ્યમર્યાદા પણ છે. પણ માણસમાં ક્યાં ફેર પડ્યો ? એ જો માણસ ગંભીરતાથી વિચારે તો એ 'જાગેલો' કહેવાય.

'અમૃત એ ઘડી રે મળ્યા જ્યાં, સંત રૂપે ભગવંત...' મારું જીવન ખારું, ખાટું છે એને મીઠું કરવા માટે જ્યારે સંત રૂપે ભગવાન મળે છે ત્યારે જીવનનો સાચો અર્થ અને આનંદ પ્રાપ્ત થાય છે, મારા જીવનની એ ઘડી અમૃતમય બની કે જેણે જીવન જીવવા જેવું બનાવી દીધું. મોંઘામાં મોંઘો મનુષ્ય દેહ મળ્યો, અત્યાર સુધી જીવતા હતા પણ, સત્સંગ મળ્યો, સત્પુરુષ મળ્યા એટલે જીવન અમૃતમય બન્યું. મારા જીવનની એ અમૃત ઘડી કે, જ્યારે હું પહેલી વખત સાહેબદાદાને મળ્યો અને તેઓ મને ગમી ગયા ! એ ઘડીથી મારા અમૃતમય જીવનની શુભ શરૂઆત થઈ ગઈ. એ અમૃતપુરુષ મારા જીવનમાં અમૃતનો કુંભ લઈને આવ્યા. મને જે મળ્યા છે તે ભગવાન-સ્વરૂપ સંત મળ્યા છે, અને મને ભગવાન સાથે જોડી દેવાના છે તેવા સંત રૂપે ભગવંત મને મળ્યા છે ! આ અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો સિદ્ધાંત છે ! સાધુને 'ભગવાન' કહીએ તો ગાળ દીધી કહેવાય. સાધુ એ સાધુ છે, અને કોઈ ભગવાન થયો નથી ને થવાનો નથી એવું 'વચનામૃત'માં શ્રી સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે. પણ, 'ભગવાનના' થવામાં કોઈ રોકટોક નથી. ભગવાનના થવાની, ગુરુના થવાની કોઈનેય ના નથી પાડી. બાઈ-ભાઈ, ગરીબ-તવંગર, ભણેલો-અભણ, મૂર્ખ-જ્ઞાની સર્વને માટે ભગવાને અતિશય કૃપા કરીને આ વાત શક્ય બનાવી છે.

રામાયણની એક સાખી છે : 'રામ મિલન કે કારણે જો તુમ ભયો ઉદાસ, તુલસી શોધી લે સંગત સંત કી, રામ જિન્હોં કે પાસ...' ભગવાન શ્રી રામ સાક્ષાત્ મળ્યા તોય તું ઉદાસ જીવન જીવી રહ્યો છે ? કારણ ? શ્રી રામના દિવ્ય અને પરમ તત્ત્વને આપણી બુદ્ધિ, અક્કલ, હોશિયારીથી આપણે પહોંચી શકતા નથી, સમજી શકતા નથી, માણી શકતા નથી. ખુદ શ્રી સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે કે, 'અમારા મહિમાને તો અમે પૂરેપૂરો વર્ણવી શકતા નથી.' તો ભગવાનનો મહિમા આપણને કોણ સમજાવશે ? સંત સમજાવશે. કયા સંત સમજાવશે ? તો જેમના હૈયામાં રામ વસ્યા છે એવા સંતની ગોદ સ્વીકારી લઈએ તો ભગવાન કોણ છે એ તમને સમજાવશે. આ ઉપાસનાનો સિદ્ધાંત છે !

એવા સંત આપણા માટે સાહેબજી છે. 'ઘણું જીવો મારા સાહેબજી, લો જીવન અર્પણ મન...' અને તેઓ ઘણું લાંબું જીવે એવી આપણે પ્રાર્થના કરીએ છીએ, રૂડો સંકલ્પ કરીએ છીએ. જે દિવસથી જીવનને અમૃત બનાવનારા આવા પ્રગટ સત્પુરુષનો આપણને સંબંધ થાય છે, સંપર્ક થાય છે, તે દિવસથી ખરેખર જીવન શરૂ થાય છે. ત્યાં સુધી તો માત્ર ઈન્દ્રિયોની ક્રિયાને આધારે દેહના ભાવમાં જીવ્યા કર્યું. જેવું કીટ-પતંગિયાં, પશુ-પક્ષી જીવન જીવે છે તેવું જ માણસ પણ જીવે છે ; પણ એને જીવન ના કહેવાય. એમને પણ કુટુંબ, પરિવાર, મારું-તારું હોય છે, વટ ને વ્યવહારથી તેઓ સંસારમાં જીવતાં હોય છે. એવું હું ને તમે જીવીએ તો એમાં ફેર કંઈ નથી. ફેર ત્યારે પડે છે કે જ્યારે જીવન-અમૃત જેમની પાસે છે, એમની સાથે આપણને સંબંધ થાય ત્યારે જીવન જીવવા જેવું થાય છે અને એ સાચું જીવન છે. અત્યાર સુધી મારું જીવન જેના આધારે દોરવાઈ રહ્યું હતું એ મારું અનાડી મન, એને હવે હું તમને અર્પણ કરું છું ; એટલે જીવન શરૂ થયું.

'આંખ ઉઘાડી જોઉં જગત જ્યાં, કણ-કણમાં પ્રભુ ભાળું' - આંખ ઉઘાડીને જોયું એટલે કે જાગ્યા-આંખ ઊઘડી-જાગીને જોયું. આંખમાં

દવાનાં ટીપાં નાખે ત્યારે આંખની પાંપણો ઊંચી કરીને નાખે. એમ આંખ ઉઘાડીને જોવાનું. ઉઘાડી આંખે સંસારમાં તો આપણે ફરીએ જ છીએ, જોયા વગર ફરીએ તો ભટકાઈ જઈએ. પાટોત્સવનું આ પર્વ છે. પંદર વર્ષ પહેલાં પ્રાણપ્રતિષ્ઠાના ઉત્સવમાં પણ આપણે સૌ હાજર હતા તેની સ્મૃતિ કરીએ. મૂર્તિઓને માટે 'અંજનશલાકા'નો એક કાર્યક્રમ થાય છે. કારીગરે આ મૂર્તિઓ બનાવી. જયપુરથી સંતો મૂર્તિ લઈને આવ્યા ને અહીંયાં સ્થાપિત કરી. એની પાંચેય ઇન્દ્રિયોમાં પ્રગટ સત્પુરુષે પ્રાણ પૂર્યા એટલે એ હવે પથ્થર નથી, એ જીવંત પ્રભુનું સ્વરૂપ બન્યું. પણ હજુ, ભક્તોને દર્શન દેવા માટે એમની આંખની પાંપણ ખોલવામાં આવે છે, જેને મંદિરની ભાષામાં – સંસ્કૃતમાં 'અંજનશલાકા' કહેવામાં આવે છે. એક સળી લઈ, મધમાં બોળી અને જેમ બહેનો આંખોમાં સૂરમો આંજે એવી રીતે સંતો ભગવાનની આંખમાં એ મધનો રસ આંજે છે; એટલે પ્રભુનાં નેત્રો ખૂલ્યાં. તમે જુઓ તો ખરા, જે આપણાં નેત્ર ખોલનારા છે એનાં નેત્રો આપણે ખોલીએ છીએ અને એને 'અંજનશલાકા'ની વિધિ કહેવામાં આવે છે. પ્રભુ પણ સમગ્ર સંસાર ઉપર પોતાની નજર રાખે છે કે, કોણ ક્યાં જાય છે ને શું કરે છે ? એ મારો વહાલો બધું જુએ છે, એ બધું જાણે છે, એને બધી ખબર છે. કારણ કે, આપણે જ એમની આંખો વિધિપૂર્વક ઉઘાડી છે. પ્રાણપ્રતિષ્ઠા વિધિનો આ એક ભાગ છે.

'કણ-કણમાં પ્રભુ ભાળું' – કણ-કણમાં, ઘટ-ઘટમાં જેનો વાસ છે તેનાથી શું છાનું રહે ? શું છૂપું રહે ? આપણી ઉપાસનાનો એ મંત્ર છે-ભગવાન સદા દિવ્ય, સાકાર, પ્રગટ અને પ્રત્યક્ષ છે. ભગવાન માત્ર મંદિરમાં નથી. હું જ્યાં જ્યાં જઉં છું ત્યાં મારી સાથે, સકળ સંસારમાં, ઘટ-ઘટમાં એમનો વાસ છે, દરેક જીવમાં આત્મા વસેલો છે. 'કણ-કણમાં પ્રભુ ભાળું' વાહ, શું સ્થિતિ છે ! આ સ્થિતિ ગુરુહરિ સાહેબદાદાની સ્થિતિ છે. આપણા સત્સંગમાં એક શબ્દપ્રયોગ થાય છે, 'જ્યાં જુએ ત્યાં રામજી, બીજું ના ભાસે રે...' એવા જે સંત છે તે જ્યાં જ્યાં જાય છે અને જે જે જુએ છે ત્યાં ત્યાં માત્ર અને માત્ર રામને જ જુએ છે. અને એનું પ્રતીક છે હનુમાનજી દાદા. સીતામાતાએ જ્યારે મોતીનો હાર આપ્યો ત્યારે તેઓ મોતી ભાંગવા બેઠા કે, હું જોઉં છું કે આમાં રામ છે ? આપણે એનો આધ્યાત્મિક રીતે અર્થ કરીએ કે, સર્વ ઠેકાણે પ્રભુનો સંબંધ જુએ. સંબંધ જોવો એટલે સર્વ ઠેકાણે પ્રભુનો વાસ-નિવાસ જુએ. જેમ મારા આત્મામાં પ્રભુ બિરાજમાન છે, તેમ સર્વ ઠેકાણે, સર્વમાં, સમગ્ર રીતે પ્રભુ બિરાજમાન છે ! આ દૃષ્ટિ ગુરુહરિ સાહેબદાદાની છે. એમને ગુણાતીત સંત કહેવાય. એ ઉઘાડી આંખે ખાય છે, પીએ છે, બેસે છે, ઊઠે છે, પહેરે છે, ઓઢે છે, હસે છે, રમે છે; પણ એમને સતત, સર્વ ઠેકાણે પ્રભુનો સંબંધ દેખાય છે, પ્રભુનો વાસ-નિવાસ દેખાય છે. એના માટે ઉઘાડી આંખે જોવું પડે.

એની સાથે સાથે અધ્યાત્મનો સિદ્ધાંત – 'અક્ષર છું હું દેહ નથી...' આ મંત્ર જે આપણે બોલીએ છીએ તે 'આંખ મીંચીને જોઉં ભીતરમાં, અક્ષર રૂપ નિહાળું...' મારું પોતાનું રૂપ, એને અક્ષર રૂપ નિહાળું એટલે હું દેહ નથી, હું આત્મા છું અને મારા વિશે પરમાત્મા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ સદાય વિરાજમાન છે એ માનીનતા, એ જાગ્રતતા સાથેની સર્વ ઠેકાણે પ્રભુને જોવા માટે ઉઘાડેલી આંખ, એ ઘટ-ઘટમાં, કણ-કણમાં પ્રભુને જુએ છે, પ્રભુનો સંબંધ જુએ છે. આ ગુણાતીત સ્થિતિનું વર્ણન શબ્દોના માધ્યમ દ્વારા કરવામાં આવ્યું છે.

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજને આવી બ્રાહ્મીસ્થિતિમાં અમે જોયા, અનુભવ્યા છે. તેઓ એમ કહે કે, 'ગઈ કાલ સવારનો કોઈ આવ્યો હોય, અને હાલોપોલો હોય, તો પણ મને એનો અભાવ આવતો નથી.' આ એમના શબ્દો 'યોગીગીતા'માં લખેલા છે. પછી આગળ કહ્યું કે, 'આવવા દઉં જ નહીં.' 'આવતો નથી' એ એક સ્થિતિ છે, અને 'આવતો રોકવો' અને 'આવે જ નહિ' એ બ્રાહ્મી સ્થિતિ છે, એ ગુણાતીત સ્થિતિ છે, એ ભગવાનને અખંડ ધારીને રહ્યાની સ્થિતિ છે ! બાકી તો તેઓ માણસ જ હતા અને આપણે જેમ દવાનું પડીકું વાળીએ એમ અનેક પ્રકારના રોગોનું પડીકું વાળીને એમણે એમના શરીરમાં રાખ્યું હતું. પણ તેઓ શરીરના ભાવમાં જ હતા નહીં, શરીરના ભાવથી ઉપર ઊઠી ગયા હતા-જેને આપણે 'બ્રહ્મભાવ' કહીએ છીએ. તેઓ સતત એવું માનતા કે, 'હું દેહ નથી, હું આત્મા છું અને મારે વિશે પરમાત્મા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ સદાય બિરાજમાન છે !'

વર્તમાનકાળે ગુરુહરિ સાહેબદાદાને વિશે આપણે આવો ભાવ કરીએ. સાંજે અહીં પધારે ત્યારે આવા ભાવથી એમનાં દર્શન કરીએ. આપણી જાતને એના માટે આપણે ધન્ય અને અહોભાગી માનીએ કે, અહોહો ! આવા સંત સદેહે પૃથ્વી ઉપર વિચરણ કરે છે ! પૃથ્વી ઉપર વિચરણ કરે છે એટલું જ નહીં, મુંબઈમાં બિરાજમાન છે. મુંબઈમાં બિરાજમાન છે એટલું જ નહીં, નવી મુંબઈમાં અને હું જ્યાં છું ત્યાં ખારઘર મંદિરમાં પોતે સદેહે પધારી રહ્યા છે ! – આ મહિમાનો વિચાર છે.

સહજાનંદ સ્વામી મહારાજની જય !

*(ક્રમશઃ)* ◆